ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૪૦ ટકા

# દેશના જવાનોનો આભાર માનવા યુનાઈટેડ રાઈડર્સનું પ્રસ્થાન

## જિલ્લા કલેકટર સતીષ પટેલ તથા મેજર સંદિપ ઝાલાએ ફલેગ ઓફ કરાવ્યું : ૮ બાઈક અને ૨ સ્પોર્ટસ કાર સાથે ૧૫ યુવાનો ગાંધીનગરથી લદાખ જવા રવાના

ગાંધીનગર, તા.૧૧

યુનાઈટેડ રાઈડર્સ ક્લબ આયોજિત 'ગાંધીનગરથી લદાખ-થેકીંગ રાઈડ ફોર ઈન્ડિયન આર્મી'ને આજે સવારે કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર સતીષભાઈ પટેલ તથા આર્મીના ૨૪ રાષ્ટ્રીય રાયફલ્સના મેજર સંદિપસિંહ ઝાલાએ 'ફલેગ ઓફ' કરાવ્યું હતું. આઠ બાઈક તથા બે સ્પોર્ટસ કાર સાથે ૧૫ રાઈડર્સનું ગ્રૃપ ગાંધીનગરથી લદાખ સુધીના માર્ગે રસ્તામાં મળનારા તમામ લશ્કરી જવાનોને મીઠાઈનું પેકેટ તથા આભારપત્ર ભેટ આપી તેમનો જુસ્સો વધારશે.

દેશની સરહદે તથા દેશના આંતરિક ભાગોમાં પણ પોતાના જાન માલની પરવા કર્યા વગર બહાદુરીપૂર્વક દેશવાસીઓની રક્ષા કરતા ભારતના જવાનોને તેમના યોગદાન બદલ આભાર માની મ્હોં મીઠું કરાવી તેમનો જુસ્સો વધારવા ગાંધીનગરના યુવાનોએ આ રાઈડનું આયોજન કર્યુ છે. રાઈડમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ અને સૌરાષ્ટ્રના પણ કેટલાક યુવા રાઈડર્સ જોડાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે યુનાઈટેડ રાઈડર્સ ક્લબ દ્વારા અગાઉ પણ આ પ્રકારની સાહસિક રાઈડસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેટી બચાઓ-બેટી પઢાઓ, કલીન ઈન્ડિયા તથા થેંકયુ ફોર સર્વિંગ અવર કન્ટ્રી એન્ડ પ્રોટેકટિંગ અવર ફ્રીડમ જેવી થીમ રાખવામાં આવી હતી.

ગાંધીનગરથી લદાખની આ રાઈડ ગુજરાત ઉપરાંત રાજસ્થાન, હરિયાણા, હિમાચલ પ્રદેશ થઈ જમ્મુ કાશ્મિર પહોંચશે જયાં લેહ-લદાખ ક્ષેત્રના વિવિધ સ્થળોની મુલાકાત લેશે. આ રાઈડ દુનિયાના સૌથી ઉંચા મોટરેબલ પાસ ખારદુંગરા તેમજ દુનિયાની સૌથી ઉંચાઈએ આવેલ પોસ્ટ ઓફિસની પણ મુલાકાત લેશે. સાહસિક બાઈક રાઈડ સાથે દેશભકતનો અનોખો સંગમ ગાંધીનગરના અન્ય યુવાનો માટે પ્રેરણાદાયક બની રહેશે.



'યુનાઈટેડ રાઈડર્સની આ રાઈડ હાલના સમયે ખૂબ અગત્યની છે કારણ કે હાલ કાશ્મિરમાં જે પ્રકારની પરિસ્થિતિ છે તેમાં આર્મીના જવાનોનો ઉત્સાહ ટકાવી રાખવો એ કપરી સમસ્યા છે. આ યુવાનો જવાનોને મળી મ્હોં મીઠું કરાવશે અને આભારનો પત્ર આપશે જે ખરેખર જવાનોનો જુસ્સો વધારવાનું કાર્ય કરશે. આ રાઈડ ખરેખર એક ઉમદા વિચાર છે.'

**- મેજર સંદિપસિંહ ઝાલા**
**ઈન્ડિયન આર્મી**





'ગાંધીનગરના યુવાનોની આ રાઈડ માટે હું તેમને ધન્યવાદ પાઠવું છું, ગાંધીનગરથી છેક કાશ્મીર સુધીની લાંબી યાત્રા તે પણ હાલના ચોમાસાના સમયમાં પડકારરૂપ હોય છે તે ખેડીને જવાનોનો જુસ્સો વધારવા જવું તે ખરેખર અભિનંદનને પાત્ર છે. ગાંધીનગરના યુવાનોની આ રાઈડ રાજયભરના યુવાનો માટે પ્રેરણારૂપ બની રહેશે.'

**- સતીષભાઈ પટેલ**
**જિલ્લા કલેકટર**

### @ગાંધીનગર

● શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા બુથ પ્રમુખ અને સદસ્યોનો તાલિમ કાર્યક્રમ સવારે ૧૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સે-૧૭ ખાતે યોજાશે.

● ભગવાન જગન્નાથજીની રથયાત્રાના આયોજન અને તૈયારીના ભાગરૂપે પ્રબુધ્ધ આગેવાનોની મીટીંગ રાત્રે ૮.૩૦ કલાકે પંચદેવ મંદિર ખાતે યોજાશે.

### વાતવાતમાં

● યુનાઈટેડ રાઈડર્સ ગૃપની બાઈક રાઈડના પ્રારંભે કલેકટર સતીષ પટેલ તથા મેજર સંદિપ ઝાલાને મિઠાઈનું પેકેટ આપવામાં આવ્યું હતું. જો કે બંનેએ આ પેકેટસ રાઈડર્સ યુવાનોને પરત આપી કહ્યું હતું કે 'આ અમારા વતી કાશ્મીરમાં જવાનોને જ આપી દેજો.'

● ગત સપ્તાહે સ્વર્ણિમ પાર્ક ખાતે ગાંધીનગરની પ્રથમ 'હેપ્પી સ્ટ્રીટ' યોજાઈ હતી જેનો અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડયો હતો. આ રવિવારે પણ અનેક નગરજનો સ્વર્ણિમ પાર્ક ખાતે હેપ્પી સ્ટ્રીટ માણવા પહોંચ્યા હતા પરંતુ આ વખતે કોઈ આયોજન થયું ના હોવાથી પાર્કમાં મોર્નિંગ વોક લઈ સંતોષ માણ્યો હતો.

# અમુલ ટ્રકની ટકકરથી ઘવાયેલા યુવાનનું મૃત્યુ

## કેટરીંગનું કામ કરતા બે મિત્રો બાઈક પર કુબેરનગરથી કોબા આવી રહ્યા હતા ત્યારે ભાટ મધર ડેરી સામે અકસ્માત સર્જાયો હતો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક કોબા પાસે રહેતા અને કેટરીંગના વ્યવસાય સાથે સંકળાયેલા બે યુવાન મિત્રો શુક્રવારે સાંજે પરત આવી રહ્યા હતા તે દરમિયાન ભાટ મધર ડેરી સામે બાઈકને અમુલની ટ્રકે ટકકર મારી હતી. બંને બાઈક સવાર યુવાનો ઘાયલ થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા તે પૈકી એક યુવાનનું ગઈ રાત્રે સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. આ ઘટના અંગે અડાલજ પોલિસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

ઉત્તરાખંડમાં રહેતો ૩૦ વર્ષીય યુવાન તારાચંદ માલચંદ રાણા અને હિમાચલનો યુવાન કમરસિંગ કોદારસિંગ બંને મિત્રો કોબા નજીક રહેતા હતા અને રાજેશ મોહનભાઈ કેટરર્સમાં તેની સાથે કામ કરતા હતા. બંને મિત્રો શુક્રવારે બાઈક લઈને કુબેરનગર ગયા હતા. સાંજે ૭ વાગ્યાના અરસામાં બંને બાઈક પર પરત આવી રહ્યા હતા ત્યારે ઈન્દિરાબ્રીજ-કોબા માર્ગ પર મધર ડેરીની સામે ભાટ ગામની સીમમાં બાઈકને અકસ્માત નડયો હતો. અમુલ ડેરીના ટ્રક નં. જીજે ૧ ૩ એ.ટી. ૭૭૯૦ સાથે બાઈક ટકરાઈ જતા બંને યુવાન મિત્રો ગંભીર રીતે ઘાયલ થયા હતા. જે પૈકી ૩૦ વર્ષીય તારાચંદ રાણાનું ગઈ રાત્રે હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલિસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

# ગિયોડ પાસે ટ્રેકટર-બાઈક વચ્ચે અકસ્માતમાં એસઆરપી જવાનનું મોત

ગાંધીનગર, તા.૧૧

ચિલોડા-હિંમતનગર હાઈવે પર ગિયોડ ગામના પાટીયા પાસે અંબાજી મંદિરની સામે એક એસઆરપી જવાનનું માર્ગ અકસ્માતમાં ગઈ રાત્રે મૃત્યુ નિપજયું હતું. બાઈક લઈને જતા જવાનનું બાઈક સર્વિસ રોડ પરથી અચાનક માર્ગ પર આવી ચઢેલા ટ્રેકટર સાથે ટકરાતા આ અકસ્માત સર્જાયો હતો.ચિલોડા પોલિસે ટ્રેકટર ચાલક સામે ગુનો દાખલ કરી જવાનનો મૃતદેહ પીએમ કરાવી વધુ તપાસ શરુ કરી છે.



સાબરકાંઠાના તલોદ નજીકના એક ગામમાં રહેતા ૩૧ વર્ષીય યુવાન લાલજીભાઈ હાથીભાઈ પટેલ એસઆરપી ગ્રુપ-૭ નડિયાદમાં નોકરી કરે છે. આ જવાનની ડયુટી પોલિસ ભવનમાં હતી. ગઈ રાત્રે ડયુટી પતાવીને પોતાનું બાઈક લઈ લાલજીભાઈ પોતાના ગામ તરફ જઈ રહ્યા હતા ત્યારે ચિલોડા-હિંમતનગર હાઈવે પર ગિયોડ અંબાજી મંદિરની સામે રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં તેમને જબરદસ્ત અકસ્માત નડયો હતો. સર્વિસ રોડ પરથી અચાનક હાઈવે પર આવી ચઢેલા ટ્રેકટર સાથે બાઈક ટકરાઈ જતા જવાન લાલજીભાઈ પટેલનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. આ ઘટનાથી સહકર્મીઓ તથા પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી. ચિલોડા પીએસઆઈ આર.એસ. રાજપુતે હસમુખભાઈ કોદરભાઈ પટેલની ફરિયાદ આધારે ટ્રેકટર ચાલક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# સ્વીફ્ટ ગાડીમાં બિયરની દુકાન ખોલીને બેઠેલો શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમના હેડ કોન્સ્ટેબલ મનુજી, સંદિપકુમાર કોન્સ્ટેબલ દિગ્વીજયસિંહ અને જીજ્ઞેશકુમાર સહિતના માણસો કલાલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન મનુજીને બાતમી મળી હતી કે ખોરજ ડાભી ગામમાં વિજયસિંહ નારણસિંહ ડાભી વિદેશી દારૂ-બિયરનો વેપલો કરે છે અને હાલ તેની સફેદ સ્વીફટ ગાડી નં. જીજે ૧ આર.એલ. ૩૧૫૬માં દારૂ-બિયરનો જથ્થો પડયો છે અને સ્વીફટમાં બિયરની દુકાન ખોલીને બેઠો છે. તેને આધારે દરોડો પાડી વિજયસિંહ ડાભીને પકડી પાડી ગાડીમાં તપાસ કરતા ૨૪ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. બિયરના જથ્થા સાથે ગાડી જપ્ત કરી એલસીબીએ કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.



# સે-૫ના બગીચા ખાતે યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સેકટર-૫ના બગીચામાં દર વર્ષની જેમ આ વર્ષે પાંચ દિવસીય યોગ શિબિર યોજાઈ હતી. આ શિબિર રોજ સવારે ૬ થી ૭ કલાક દરમિયાન યોજાઈ હતી જેમાં વસાહતીઓ અને સીનીયર સીટીઝનોએ ભાગ લીધો હતો.

આજે લોકો રોગોથી પીડાઈ રહ્યા છે ત્યારે શહેરમાં લોકો મોર્નીંગ વોકથી લઈ કસરત, રનીંગ, યોગ જેવી અનેક એકટીવીટી કરી રહ્યા છે. આજે લોકો અનેક રોગો અને જંક ફુડ આરોગી પીડાઈ રહ્યા છે તે હેતુથી અને દવાઓથી મુકત રહેવા માટે શહેરના સે-૫ના બગીચા ખાતે પાંચ દિવસીય સુંદર યોગ શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં યોગ ટ્રેનર તરીકે સુરેન્દ્રસિંહ વાઘેલાએ યોગનું માર્ગદર્શન અને યોગાસન કરાવી માહિતી આપી હતી. જેમાં સેકટરના વસાહતીઓ-અધિકારીઓ-સિનિયર સીટીઝનો ખૂબ મોટા પ્રમાણમાં જોડાયા હતા.

અંતિમ દિવસે હરીદ્વાર પતંજલિ યોગ પીઠ તરફથી રાજક્રિષ્ના ઈલેગેટી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે માર્ગદર્શન આપ્યું હતું સાથે યોગથી થતા ફાયદા અને કેવી રીતે રોગોથી મુકિત મેળવી શકાય તેવા આસનો કરાવ્યા હતા.

આ શિબિરમાં સે-૫ના પ્રમુખ કેસરીસિંહ બિહોલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમણે પણ યોગાસન કર્યા હતા સાથે અગ્રણીઓમાં આર.જી. દવે, નટુભાઈ પટેલ, મહેન્દ્રભાઈ વાળંદ, જગદીશભાઈ પટેલ, જે.જે. ત્રિવેદી, લક્ષ્મણસિંહ વાઘેલા, કનુભાઈ ત્રિવેદી, દશરથભાઈ પટેલ, નરેશભાઈ પરમાર અને વસાહતીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગ લીધો હતો.

### આઈ લવ માય ગાંધીનગર



**દર્પણ પટેલ**
**એક્ટર**

**ગાંધીનગર ગમે**

સ્વચ્છ, સુંદર, શાંત અને હરિયાળું ગાંધીનગર સ્વાસ્થ્યવર્ધક, ખુશીવર્ધક છે. વળી, એણે મને ઓળખ અપાવી છે. તેથી તે મને ખૂબ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સંસ્કારી ને કલા-સંસ્કૃતિપ્રેમી નગરજનો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

શહેરમાં થતી સેવા અને કલાની પ્રવૃત્તિઓ ગમે છે. વડીલો દ્વારા થતી સેવાની અને યુવાઓ દ્વારા થતી કલાની પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા, કલા તાલીમ અને જાહેર શિસ્ત માટે ઘણું કામ કરવાની જરૂર વર્તાઈ રહી છે.

**નગર માટે હું કરી શકું**

વ્યક્તિત્વ વિકાસને લગતી પ્રવૃત્તિઓ માટે મારું સઘળા પ્રકારનું યોગદાન શહેરને આપવા માટે હું તૈયાર છું.

# મેરિટની સ્પર્ધાત્મક રેસ શાળાકીય અભ્યાસક્રમ માટે લાલબત્તી

## શાળાઓમાં નામ પુરતો પ્રવેશ અપાવી વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષાઓ માટે તૈયાર કરતી ખાનગી કલાસીસની બોલબાલા વધી : નીટ, જેઈઈ અને ગુજકેટ વગેરેના કારણે બોર્ડની પરીક્ષાઓનું મહત્વ ઘટતું જણાતા વાલીઓ અવઢવમાં



**લાગ્યું એવું લખ્યું**
**સમીર રામી**

ગાંધીનગર, તા.૧૧

અત્યારે રાજયભરમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાઈ રહ્યો છે. વળી, થોડાક દિવસ પૂર્વે જ ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓના પરિણામ જાહેર થયા હતા. વેકેશન પૂર્ણ થઈ શાળાઓ પ્રારંભ થવાના માહોલમાં આજની શિક્ષણ પધ્ધતિ અંગે ચર્ચા થતી જોવા મળે છે. બદલાતા સમયમાં દરેક વાલીઓ પોતાના સંતાનને સારું શિક્ષણ અપાવવાને ખૂબ જ મહત્વ આપતા થયા છે તે એક આવકારદાયક બાબત છે.પરંતુ હવે શિક્ષણ પણ સમાજમાં આવશ્યક જરૂરિયાતને બદલે 'સ્ટેટસ' બની રહ્યું છે અને પોતાનું 'સ્ટેટસ' જાળવવાની વાલીઓની ઘેલછાનો સેલ્ફ ફાઈનાન્સ શાળાઓએ પેટભરીને લાભ ઉઠાવ્યો છે. માત્ર ખાનગી શાળાઓ જ નહી હવે ખાનગી ટયુશન કલાસીસ અને તેવા ઈન્સ્ટિટયુટસનો ધંધો લાખોથી કરોડો પર પહોંચવા લાગ્યો છે. બીજી તરફ સરકારના સતત બદલાતા અભિગમો પણ વાલીઓ માટે મુંઝવણનું કારણ બની રહ્યા છે. શિક્ષણમાં ડિઝીટલ ક્રાન્તિ સાથે સ્પર્ધાત્મકતાનો યુગ ઉમેરાતા હવે શાળાકીય શિક્ષણ માત્ર શોભાના ગાંઠિયા જેવું બનતું જઈ રહ્યું છે.

જયારથી શિક્ષણમાં ખાનગી સેલ્ફ ફાઈનાન્સ શાળાઓની એન્ટ્રી થઈ ત્યારથી તેનું 'માર્કેટીંગ' પણ પ્રારંભ થઈ ગયું હતું. શાળાઓ તે પહેલા તેના શિક્ષકો કે આચાર્યના નામથી ઓળખાતી હતી તે 'સુવિધાઓ'થી ઓળખાવા લાગી અને જમાનો શરૂ થયો ડે સ્કૂલનો. 'એકસ્ટ્રા એકિટવીટીઝ' અને 'એકસ્ટ્રા કલાસીસ'ના ઓથા હેઠળ 'એકસ્ટ્રા મની'નો બોજ પણ વાલીઓ પર વધવા લાગ્યો પરંતુ સ્ટેટસની ઘેલછાના બળે વેપાર મજબૂત થતો ચાલ્યો છે. આ સાથે એ પણ સત્ય જોડાયેલું છે કે અગાઉ ગ્રાન્ટેડ શાળાઓમાં વિજ્ઞાનની પ્રયોગશાળા હોય કે લાયબ્રેરીની જરૂરિયાત, ઉદ્યોગખંડની સવલતો હોય કે સ્પોર્ટસ માટેની તાલીમ વગેરેમાં ઉદાસીનતા સેવવામાં આવતી હતી. આ અગત્યની બાબતોને સેલ્ફ ફાઈનાન્સ શાળાઓએ 'સુવિધામાં' ફેરવી વાલીઓનું ધ્યાનાકર્ષિત એટલી હદે કરી લીધું કે ગામડાઓથી શહેર તરફ જવાના વધતા ઝોકનું આ પણ એક મજબૂત કારણ બની ગયું હતું. ડે સ્કૂલોના એક લાંબા યુગ બાદ હવે વારો આવ્યો છે સ્પર્ધાત્મક તાલીમ આપતા કલાસીસનો.

પહેલા ઉચ્ચ અભ્યાસ જેવા કે મેડીકલ કે ઈજનેરી વગેરેમાં પ્રવેશ માટે બોર્ડની પરીક્ષાઓના પરીણામો ખૂબ જ મહત્વના ગણાતા હતા હવે સરકારે એમાં નીટ, જેઈઈ કે ગુજકેટ વગેરે દાખલ કરી દેતા પરિસ્થિતિ ઝડપથી બદલાવા લાગી છે. હવે વિદ્યાર્થીઓ એ આ કસોટીઓમાં સ્પર્ધાત્મક રીતે એટલે 'મેરિટ'માં



આવવાનું પુરવાર થવાનું છે જેના કારણે એકાએક વાલીઓની નજર ખાનગી કલાસીસ તરફ મંડરાવા લાગી છે. હવે શાળાકીય અભ્યાસક્રમ માત્ર એક ઔપચારિકતા બનતો જઈ રહ્યો છે અને બોર્ડની પરીક્ષા માટે શાળા પ્રવેશ અનિવાર્ય હોવાથી તેનું મહત્વ તેટલા પુરતું જ રહી જવા પામ્યું છે. ઉચ્ચ અભ્યાસક્ષેત્રે પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ નીટ, જેઈઈ કે ગુજકેટની તૈયારીઓ કરાવતા કલાસીસ પર વધુ ધ્યાન આપવાનું મુનાસીબ માની રહ્યા છે. હવે આ કારણથી ધો-૧૦થી ગુણવત્તાયુકત શિક્ષણ આપતી સંસ્થાઓના દાવાઓ પરથી વાલીઓનું ધ્યાન હટવા લાગ્યું છે. હવે ટયુશનિયા શિક્ષકો કે મોંઘી શાળાઓ તરફનો ઝોક ધીમે ધીમે ખાનગી કોર્પોરેટ કલાસીસ જયાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં 'મેરિટ'માં લાવી આપવાની ખાત્રીઓ અપાય છે તે તરફ વળી રહ્યો છે. આ ઝોક એટલી ઝડપે વધવા લાગ્યો છે કે રાજસ્થાનના 'કોટા' શહેરથી જાણીતી સંસ્થાઓ જેવી ખાનગી સંસ્થાઓ ખાનગી શાળાઓ સાથે સાંઠગાંઠ કરી વિદ્યાર્થીઓને માત્ર રજીસ્ટર પર પ્રવેશ અપાય છે. આ વિદ્યાર્થીઓ ભાગ્યે તે સ્કૂલમાં જાય છે અથવા તો કયારેય તે સ્કૂલમાં જતા નથી પરંતુ તેમનો સંપૂર્ણ અભ્યાસ ખાનગી કલાસીસમાં થાય છે અને જેના માટે વાલીઓ પાસેથી તગડાં 'પેકેજ' વસુલાય છે. આ વિદ્યાર્થીઓ સંસ્થાના રંગબેરંગી અત્યાધુનિક પોષાક અને લેટેસ્ટ બેગ સાથે રોજ કલાસીસમાં ભણવા જાય છે અને તેમની 'હાજરી' એ શાળામાં પુરાય છે જે તેમણે જોઈ જ નથી હોતી અથવા તો વર્ષના અમુક દિવસો જ હકીકતમાં તેઓ ત્યાં રૂબરૂ ગયા હોય છે. વર્ષાન્તે માત્ર આ શાળાના વિદ્યાર્થી તરીકે તેઓ બોર્ડની પરીક્ષામાં સામેલ થાય છે. જો કે સંસ્થાઓ બોર્ડની પરીક્ષા ઉપરાંત ઉચ્ચ અભ્યાસ માટે જરૂરી પ્રવેશ પરીક્ષાઓમાં સારા ગુણાંક સાથે મેરિટમાં લાવવાના પ્રયત્નમાં બાળકોને મશીનની જેમ તૈયાર કરવામાં લાગી જાય છે જે વાલીની જરૂરિયાત છે.

તાજેતરમાં રાજય સરકારે ખાનગી શાળાઓની ફી બાબતે 'લગામ' તાણવાનો ઉપક્રમ હાથ ધર્યો છે પરંતુ ખાનગી શાળાઓની 'સુવિધાઓ' સરકારી ધારાધોરણમાં પોસાય તેવી નથી તે બધા જાણે છે. આ હકીકતનો લાભ ઉઠાવી શાળા સંચાલકો વાલીઓની 'ઘેલછા' નો નફો પણ ઉમેરી લેતા હતા તેના પર કદાચ થોડી ઘણી રોક આવી શકે છે પરંતુ એક યા બીજા નામે તે 'ખોટ' સરભર કરી દેવાશે તેવી શકયતા પણ વધુ છે. સરકાર તો 'ઓન પેપર' ફી પર લગામ તાણ્યાની વાહવાહી લુંટી લેશે પરંતુ વાલીઓને સરવાળે લાંબો ફાયદો થશે કે કેમ તે શંકા છે. હવે સ્પર્ધાત્મક પ્રવેસ પરીક્ષાઓની તાલીમનું મહત્વ શાળાઓને સમજાવા લાગ્યું હોવાથી આ 'ખાતું' અહીંથી સરભર કરવા દરેક શાળા સંચાલકો કમર કસવા લાગ્યા છે. આ સંજોગોમાં ઉચ્ચ અભ્યાસ માટે શાળાકીય અભ્યાસ અને સ્પર્ધાત્મક પરીક્ષા બંનેનું યોગ્ય મહત્વ જળવાય તે સરકારે જોવું જરુરી બન્યું છે. બીજી તરફ વાલીઓએ વિદ્યાર્થીઓને જ્ઞાન અને આવડતના માર્ગે લઈ જવા કે સ્ટેટસની ઘેલછામાં રેસના ઘોડા બનાવી દેવા તે નક્કી કરી લેવું જરુરી થઈ પડશે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

### દુ:ખદ અવસાન

શ્રી રાજેશભાઈ અનુભાઈ ત્રિવેદી (ના.સે.સચિ. કેબીનેટ બ્રાંચ, કેન્ટીનનાં ઉપપ્રમુખ, ક્રેડીટ સોસાયટીના સ્થાપક, સચિવાલય એસો. મંત્રી)નું તા. ૧૦-૬-૨૦૧૭ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેઓનું બેસણું તા. ૧૨-૬-૨૦૧૭ને સોમવારના ૪.૦૦થી ૭.૦૦ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી, સે-૭-બી, ગાંધીનગર ખાતે રાખેલ છે.

સ્વ. રાજેશભાઈ તે અલકાબેનના પતિશ્રી અને અંકિત (ગોપીનાં પિતાશ્રી તથા જયકર જગદીશભાઈ ઠાકરનાં બનેવી થાય.

### ચિરવિદાય

● સ્વ. નાયક દેવાંગકુમાર દિનેશભાઈ, ઉ.વ. ૩૬